INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૩-૦૬-૨૦૨૬**

- **ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તથા દેશના ગૃહમંત્રીશ્રીના મતવિસ્તારમાં ગટરનું પાણી-પીવાના પાણીની ભેળસેળથી અનેક નાગરિકો મુશ્કેલીમાં મુકાયા.**
- **કરોડો રૂપિયાના વિકાસ કામોની જાહેરાતો કરતા ભાજપા શાસકો નાગરિકોને શુધ્ધ પાણી આપવામાં નિષ્ફળ.**
- **ઈન્દોર-દિલ્હી માં દુષિત પાણીથી બનેલી ઘટના છતાં અમદાવાદના શાસકો ઊંઘતા રહ્યાં.**
- **દૂષિત પાણીથી રોગચાળો ફાટી નીકળ્યો- ઘાટલોડિયા આકાંક્ષા એપાર્ટમેન્ટમાં રોગચાળો.**
- **૫૦૦ થી વધુ ઝાડા-ઊલ્ટીના કેસ, ૩૦ થી ૪૦ લોકો હોસ્પીટલમાં દાખલ**

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તથા દેશના ગૃહમંત્રીશ્રીના મતવિસ્તારમાં ગટરનું પાણી-પીવાના પાણીની ભેળસેળથી અનેક નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. કરોડો રૂપિયાના વિકાસ કામોની જાહેરાતો કરતા ભાજપા શાસકો નાગરિકોને શુધ્ધ પાણી આપવામાં નિષ્ફળ નિવડ્યાં છે ત્યારે, ભાજપા શાસકોનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારમાં અને ગોતા વોર્ડમાં આવતા આકાંક્ષા એપાર્ટમેન્ટમાં ઝાડા- ઉલટીના કેસો વધ્યા. એકસાથે ૧૦૦ વધુ ઝાડા ઉલટી ના કેસો સામે આવતાં લોકો મુશ્કેલીમાં મુકાયા છે. કોર્પોરેશનના ૧૫૦૦૦ કરોડના વાર્ષિક બજેટની મોટી મોટી વાતો કરનાર ભાજપા શાસકોના ભ્રષ્ટાચારી શાસનના કારણે અમદાવાદ જેવા મેગા સીટીમાં ૨૪ ટકા જેટલા વિસ્તારમાં હજારો પરિવારોને આજે પણ શુધ્ધ પીવાનું પાણી મળી રહ્યું નથી, દૂષિત પાણી, ગટર ઉભરાવવાની મોટા પાયે ફરીયાદો છતાં કોર્પોરેશનના શાસકો અને તંત્ર ઉંઘી રહ્યાં છે. કરોડો રૂપિયાના વિકાસ કામોની વારંવાર જાહેરાતો થાય છે, નાગરિકો પાસેથી ઉંચો ટેક્સ વસુલાય છે પણ અનેક વિસ્તારોમાં શુધ્ધ પીવાનું પાણી પણ મળી રહ્યું નથી આ તો કેવો વિકાસ ? સ્થાનિક સોસાયટીના બે મહિલાને એમ્બ્યુલન્સની મદદથી દાખલ કરવા માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આસપાસની ખાનગી હોસ્પિટલમાં ૩૦ થી ૪૦ લોકો દાખલ છે.મ્યુનિસિપલ કોર્પોરેશનનું પીવાનું પાણી અને ગટરનું પાણી ભેળસેળ થતા લોકો હેરાન પરેશાન થયા છે અને રોગચાળો ફાટી નીકળ્યો છે. ૫૦૦ જેટલા નાગરિકો જેમાં બાળકો, ઉંમરલાયક નાગરિકો અને બહેનોનો સમાવેશ થાય છે. શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં અને ગોતા વોર્ડમાં આવેલા આકાંક્ષા એપાર્ટમેન્ટમાં શુક્રવારથી પીવાના પાણી અને ગટરના પાણી ભેળસેળ થવાના કારણે રોગચાળો ફેલાયો છે. સ્થાનિક સોસાયટીના રહીશોના જણાવ્યા મુજબ અંદાજે ૫૦૦ લોકો ઝાડા ઉલટીના કારણે બીમાર થયા છે. ચાર દિવસથી લોકો બીમાર છે છતાં પણ કોઈ અધિકારી કે જોવા માટે આવ્યા નથી સ્થાનિકોએ બહારથી પાણીના બાટલા મંગાવવાની ફરજ પડી રહી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા